Zydus dedicated to life

કેડીલા હેલ્થકેર લિમિટેડ

(સી.આઈ.એન. એલ૨૪૨૩૦જીજે૧૯૯૫પીએલસી૦૨૫૮૭૮)

Cadila Healthcare Limited

રજીસ્ટર્ડ ઓફિસ : ઝાયડસ ટાવર, સેટેલાઈટ ચાર રસ્તા, સરખેજ-ગાંધીનગર હાઈવે, અમદાવાદ-૩૮૦૦૧૫
ફોન : +૯૧-૭૯-૨૬૮૬ ૮૧૦૦ (૨૦ લાઈન), ફેક્સ : +૯૧-૭૯-૨૬૮૬ ૮૩૩૭
વેબસાઈટ : www.zyduscadila.com, ઈમેઈલ આઈડી : investor.grievance@zyduscadila.com

શેરધારકોને નોટીસ

આથી કંપનીનાં શેરધારકોને નોટીસ આપવામાં આવે છે કે કંપની અધિનિયમ, ૨૦૧૩ની કલમ ૧૧૦ની જોગવાઈઓ અને અન્ય લાગુ પડતી જોગવાઈઓ તથા કંપની (મેનેજમેન્ટ એન્ડ એડમિનિસ્ટ્રેશન) નિયમો, ૨૦૧૪નાં નિયમ ૨૨ સાથે વંચાણે લઈ તેમજ લિસ્ટીંગ એગ્રીમેન્ટની જોગવાઈ ૩૫બી મુજબ, કંપનીએ તા. ૨૦ ઑગષ્ટ, ૨૦૧૫નાં રોજ પોસ્ટલ બેલટ નોટીસ અને મતપત્ર ફોર્મની છાપેલી નકલ સાથે સ્વ-સરનામાયુક્ત ટપાલ ટીકીટ પરબીડિયા, શેરધારકોને નીચેના મુદ્દાઓ માટે તેમની સહમતી સારું રવાના કરેલ છે :

૧. રૂા. ૫/-ની ફેસ વેલ્યુ ધરાવતા કંપનીના એક ઈક્વીટી શેરનું રૂા. ૧/-ની ફેસ વેલ્યુનાં પાંચ ઈક્વીટી શેરમાં પેટા-વિભાજન અંગે અને

૨. મેમોરન્ડમ ઑફ એસોસીયેશનના કેપીટલ ક્લોઝમાં ફેરફાર કરવા અંગે

કંપનીનાં બોર્ડ ઓફ ડિરેકટર્સ દ્વારા, પોસ્ટલ બેલટની કામગીરી યોગ્ય અને પારદર્શકતાથી થાય એ માટે, શ્રી ધીરજલાલ ડી. સંઘવી, પ્રેક્ટિસિંગ કંપની સેક્રેટરીની અન્વીક્ષક (સ્કુટીનાઈઝર) તરીકે નિમણૂંક કરી છે. લિસ્ટીંગ એગ્રીમેન્ટની જોગવાઈ ૩૫બી મુજબ, કંપનીએ તમામ સભ્યોને ઈલેકટ્રોનિક પ્રણાલીથી મત આપવાની સુવિધા સુલભ કરવા માટે સેન્ટ્રલ ડીપોઝીટરી સર્વીસીઝ (ઈન્ડીયા) લિમિટેડ (સીડીએસએલ)ની નિમણૂંક કરી છે.

આ ઉપરાંત કંપની અધિનિયમ, ૨૦૧૩ની કલમ ૧૦૮ની જોગવાઈઓ તથા કંપની (મેનેજમેન્ટ એન્ડ એડમિનિસ્ટ્રેશન) નિયમો, ૨૦૧૪નાં નિયમ ૨૦ સાથે વંચાણે લઈ તેમજ લિસ્ટીંગ એગ્રીમેન્ટની જોગવાઈ ૩૫બી મુજબ, કંપની શેરધારકો કે, જેમના નામ તારીખ ૧૪ ઑગષ્ટ, ૨૦૧૫ (કટ ઓફ તારીખ)ના રોજ રજીસ્ટર ઓફ મેમ્બર્સ/બેનિફિશિઅલ ઓનર્સમાં નોંધાયેલ છે, તેમને નોટીસમાં દર્શાવિલ બધા મુદ્દાઓ પર ઈ-વોટીંગ કરવાની સુવિધા, જે દ્વારા તેમના પોર્ટલ www.evotingindia.comથી આપવામાં આવી છે. ઈ-વોટીંગની વિગતસર જાણકારી/માર્ગદર્શન પોસ્ટલ બેલટની નોટીસમાં આપવામાં આવેલ છે. આ અંગે બધાં શેરધારકોને સૂચિત કરવામાં આવે છે કે :

૧. કંપની દ્વારા ૨૦ ઑગષ્ટ, ૨૦૧૫ સુધીમાં રોજ પોસ્ટલ બેલટ નોટીસ અને મતપત્ર ફોર્મની છાપેલી નકલ સાથે સ્વ-સરનામાયુક્ત ટપાલ ટીકીટ પરબીડિયા કાયદા દ્વારા સૂચિત માધ્યમથી, શેરધારકોને મોકલવામાં આવેલ છે.

૨. તારીખ ૨૧ ઑગષ્ટ, ૨૦૧૫નાં રોજ સવારે ૦૯.૦૦ કલાકેથી શરૂ થઈ ૨૦ સપ્ટેમ્બર, ૨૦૧૫ સાંજનાં ૦૫.૦૦ કલાક સુધી બેલટ પેપર વોટીંગ અને ઈલેકટ્રોનિક પદ્ધતિથી વોટીંગ કરી શકાશે.

૩. તારીખ ૨૦ સપ્ટેમ્બર, ૨૦૧૫ સાંજના ૦૫.૦૦ કલાક પછી બેલટ પેપર વોટીંગ અને ઈલેકટ્રોનિક પદ્ધતિથી વોટીંગ કરી શકાશે નહીં.

૪. તારીખ ૨૦ સપ્ટેમ્બર, ૨૦૧૫ સાંજના ૦૫.૦૦ કલાક બાદ પ્રાપ્ત થનાર પોસ્ટલ બેલટ મતપત્ર ફોર્મસ માન્ય ગણવામાં આવશે નહીં તેમજ તે મળેલ નથી તેમ માનવામાં આવશે.

૫. કટ ઓફ તારીખના શેરધારકો કે જેમને પોસ્ટલ બેલટ નોટીસ અને મતપત્ર ફોર્મની નકલ મળી નથી, તેઓ શેરપ્રો સર્વીસીઝ (ઈ) પ્રાઈવેટ લિમિટેડને (શેરપ્રો) કંપનીના રજીસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજન્ટને ડુપ્લીકેટ નકલ માટે અરજી કરી શકે છે.

૬. પોસ્ટલ બેલટ નોટીસ અને મતપત્ર ફોર્મ તથા ઈ-વોટીંગની વિગતસર જાણકારી/માર્ગદર્શન, કંપનીની વેબસાઈટ www.zyduscadila.com તથા શેરપ્રોની વેબસાઈટ www.shareproservices.com પરથી મળી શકશે.

૭. સભાસદો માટે વોટીંગ બાબતનાં કોઈ પણ પ્રશ્નો/ખુલાસાઓ માટે ફ્રીકવન્ટલી આસ્કડ કવેશ્ચન્સ (એફ.એ.ક્યુ) અને ઈ-વોટીંગ યુઝર મેન્યુલ www.evotingindia.comના ડાઉનલોડ સેક્શનમાં આપવામાં આવેલ છે અથવા helpdesk.evoting@cdslindia.com અથવા ઉપેન એચ. શાહ, કંપની સેક્રેટરીને investor.grievance@zyduscadila.com અથવા +૯૧-૨૬૮૬૮૧૦૦ પર સંપર્ક કરી શકાશે.

બોર્ડના આદેશથી
ફોર **કેડીલા હેલ્થકેર લિમિટેડ**

ઉપેન એચ. શાહ
કંપની સેક્રેટરી

સ્થળ : અમદાવાદ
તારીખ : ૨૧ ઑગષ્ટ, ૨૦૧૫

8 (W) x 18 (H) cm